# શહેરમાં આજે વધુ ૮ કેસ

**શહેરમાં કુલ કેસ ૫૦ થયા : છ કેસ ફેસેલીટી ક્વોરોન્ટાઈનમાં હતા તેમના રિપોર્ટ પોઝીટીવ આવતા નોંધાયા : સે. ૨૪ના ઈન્દિરાનગરમાંથી અને સે. ૭-સી માંથી એક-એક યુવકના રિપોર્ટ પોઝીટીવ આવ્યા**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં આજે કોરોના પોઝીટીવના ૮ કેસ નોંધાતા મનપાના આરોગ્યતંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

આજે નોંધાયેલા આ ૮ કેસ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૫૦ થવા પામી છે. આજે શહેરમાં બે મહિલાઓનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે.

તંત્ર દ્વારા આજે નોંધાયેલા કેસોને પગલે કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરતા જાહેરનામા પણ પ્રસિદ્ધ કરી અને સઘન સર્વેલન્સના આદેશો જારી કર્યા છે.

આજે સે. ૭-સી માંથી એક નવો કેસ મળ્યો છે તો બીજો એક કેસ સે. ૨૪ ના ઈન્દિરાનગરમાંથી મળ્યો છે. આ બે કેસ ઉપરાંત જે છ કેસ મળ્યા છે તે અગાઉ સંક્રમિત થયેલા દર્દીઓના પરિવારના હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આજે જે કેસ મળ્યા છે તેમાં સે. ૩ માંથી સૌથી વધુ ૩ કેસ મળ્યા છે. આ ઉપરાંત સે. ૨૪ માંથી ૨ અને સે. ૭-સી માંથી એક, સે. ૨-બી માંથી એક કેસ મળી આવેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સે. ૨૪, સે. ૨-બી અને સે. ૩ માંથી જે કેસ મળી આવ્યા છે તે બધા જ દર્દીઓ ફેસીલીટી ક્વોરોન્ટાઈન હેઠળ હતા અને તેમના નમૂના મેળવી ચકાસણી માટે મોકલવામાં આવ્યા હતા.

સે. ૨૪ ના ઈન્દિરાનગરમાંથી એક ૧૨ વર્ષનો યુવક જેના વાલી ફ્રુટની લારીની ફેરી કરતા હતા તે યુવકનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં તંત્ર સતર્ક બન્યુ છે. સે. ૨૪માંથી ૨૦૦ થી પણ વધુ સેમ્પલો તંત્ર દ્વારા લેવામાં આવ્યા હતા અને તેમાં આ યુવકના સેમ્પલનો સમાવેશ થાય છે.

તંત્રએ ઈન્દિરાનગરના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરતુ જાહેરનામુ જારી કરી અહિ સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે.

સે. ૭-સી માંથી પણ આજે એક યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્ર વધારે દોડતુ થયુ છે. મનપાની કચેરી આ વિસ્તારથી માડં અડધો કિ.મી.ના અંતરે આવેલી છે.

તંત્ર દ્વારા અહિ સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ છે. આ ઉપરાંત આ દર્દીઓના ત્યાં દવા છંટકાવની કામગીરી પણ કરવામાં આવી છે.

છેલ્લા બે-ત્રણ દિવસથી શહેરમાં એક-બે છુટા છવાયા કેસો નોંધાયા બાદ આજે એકી સાથે ૮ કેસ નોંધાતા તંત્ર આખો દિવસ દોડતુ રહ્યુ હતુ.

**ક્યા સેક્ટરમાં કેટલા કેસ**

| સેક્ટર | કેસ | રીકવર |
|---|---|---|
| ૨ | ૮ | ૨ |
| ૩ | ૬ | ૩ |
| ૩-ન્યુ | ૫ | ૧ |
| ૫ | ૧ | ૦ |
| ૭ | ૨ | ૧ |
| ૮ | ૨ | ૧ |
| ૧૨ | ૧ | ૧ |
| ૧૩ | ૧ | ૦ |
| ૧૭ | ૧ | ૦ |
| ૨૨ | ૧ | ૧ |
| ૨૩ | ૪ | ૪ |
| ૨૪ | ૧૦ | ૪ |
| ૨૯ | ૭ | ૬ |
| ૩૦ | ૧ | ૦ |
| **કુલ** | **૫૦** | **૨૪** |

(નોંધ :- ૧ મૃત્યુ સેક્ટર-૨૯)

**આજે શહેરમાં પોઝીટીવ કેસ ક્યાં ક્યાં ?**

| | |
|---|---|
| સે. ૩-ન્યુ | ૩ કેસ |
| સે. ૨-બી | ૧ કેસ |
| સે. ૨૪-શ્રીનગર | ૨ કેસ |
| સે. ૨૪-ઈન્દિરાનગર | ૧ કેસ |
| સે. ૭-સી | ૧ કેસ |

**કન્ટેઈનમેન્ટ ઝોન**

- સેક્ટર-૨૩
- સેક્ટર-૨૯
- સેક્ટર-૩/સી
- સેક્ટર-૭/ડી
- સેક્ટર-૮/સી
- સેક્ટર-૨/બી
- સેક્ટર-૩ન્યુ
- સેક્ટર-૨૪ શ્રીનગર
- સેક્ટર-૨૪ ઈન્દિરાનગર
- સેક્ટર-૧૩/બી
- સેક્ટર-૨૨
- સેક્ટર-૩૦
- સેક્ટર-૨/સી
- સેક્ટર-૧૭
- સેક્ટર-૫/સી
- સેક્ટર-૩/બી
- સેક્ટર-૭/સી

## ગ્રામ્ય વિસ્તારમાં વધુ બે કેસ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં આજે વધુ ૧૦ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. જેમાં ૮ ગાંધીનગર શહેરના અને બે ગ્રામ્ય વિસ્તારના કેસો છે. આ સાથે જિલ્લામાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૦૫ પર પહોંચી છે.

ગાંધીનગર શહેરમાં આજે એક સાથે ૮ કેસ નીકળતાં શહેરનું આરોગ્યતંત્ર વહેલી સવારથી જ દોડતુ થયુ હતુ. આજે નોંધાયેલા ૮ કેસ સાથે ગાંધીનગર શહેરના કેસોની સંખ્યા ૫૦ પર પહોંચી છે.

**કલોલ-માણસા તાલુકામાં એક-એક કેસ નોંધાયો, ગ્રામ્ય વિસ્તારના કેસોની સંખ્યા ૮૯ પર પહોંચી**

ગ્રામ્ય વિસ્તારના કેસોની સંખ્યા ૮૯ પર પહોંચી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે બે કેસ નોંધાયા છે. જેમાં એક કલોલ તાલુકામાં અને એક કેસ માણસા તાલુકામાં નોંધાયો છે. આજે બે કેસ નોંધાતા જિલ્લા આરોગ્યતંત્રએ થોડીક રાહત અનુભવી હતી. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સાંતેજ ગામે એક ૨૫ વર્ષીય મહિલાને કોરોના પોઝીટીવ આવ્યો છે. જે મહિલાને અમદાવાદ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત માણસા તાલુકાના અમરાપુર ગામના એક ૩૨ વર્ષીય યુવકનો રિપોર્ટ પણ આજે પોઝીટીવ આવ્યો છે જેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ યુવક ગાંધીનગર જી.આઈ.ડી.સી.માં એક ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો અને છેલ્લા પાંચ દિવસથી તે નોકરી આવ્યો ન હતો. તેણે સ્થાનિક સારવાર પછી પણ કંઈ જ ફેર ન જણાતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવ્યો હતો. જ્યાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

આમ ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના કેસોની સંખ્યા ૮૯ પર પહોંચી છે.



ગાંધીનગરમાં સંપૂર્ણ લોકડાઉનનો ચૂસ્તપણે અમલ થઈ રહ્યો છે. દૂધ અને દવા સિવાયની જીવન જરૂરીયાતની તમામ દુકાનો બંધ હોવાથી શહેર સાવ સુનુ થઈ ગયુ છે. હંમેશા ધમધમતા રહેતા શોપીંગ સેન્ટરો, મોલમાં ગ્રાહકોની અવરજવર વિના સન્નાટો છવાયો છે. બંધ પડેલા મોલ, શોપીંગ સેન્ટરો ક્યારે પુનઃ ધમધમાટ શરૂ થાય તેની રાહ જોઈ રહ્યા છે.

## શહેરમાં ગરમીનો પારો ૨ ડીગ્રી નીચે ઉતર્યો

**કોરોના વાયરસની મહામારી વચ્ચે છેલ્લા એક મહીનાથી લોકડાઉન વચ્ચે ગરમીનો કોપ સહન કરતા નગરજનો ત્રસ્ત : : મહત્તમ તાપમાન ૪૦.૨**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં છેલ્લા એક મહીનાથી ગરમીનો મિજાજ આકરો છે. રોજબરોજ ગરમીનો પારો ઉપર ચઢતા નગરજનો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે. જયારે ચાર દિવસ અગાઉ મહત્તમ તાપમાન ૪૩. ૪ ડીગ્રી સુધી પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. જયારે ગઈકાલે પણ એક ડીગ્રીના ઘટાડા સાથે મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રી રહ્યુ હતુ. આજે ગરમીનુ પ્રમાણ નોંધપાત્ર ઘટયુ હતુ. મહત્તમ તાપમાન ૨ ડીગ્રી ઘટતા નગરજનોએ આજે ગરમીમાં રાહત અનુભવી હતી. છેલ્લા ચાર દિવસમાં મહત્તમ તાપમાન ૩.૩ ડીગ્રી ઘટયુ છે. જો કે છેલ્લા એક મહીનાથી ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર છે.

ગાંધીનગરમાં કોરોના વાયરસના કહેર વચ્ચે છેલ્લા ૪૮ દિવસથી લોકડાઉન છે. નગરજનો સતત ઘરમાં પુરાયેલા છે. કોરાનાના કેસ વધતા હાલ શહેરના શોપિંગ બજારો સદંતર બંધ છે. હાલ માત્ર દુધ અને દવાનુ જ વેચાણ થાય છે.

આવા સંજોગોમાં હાલ લોકડાઉન અને ગરમીના લીધે સેકટરોની શેરીઓ અને મુખ્યમાર્ગો પર સન્નાટો જોવા મળી રહ્યો છે. એકબાજુ કોરોના વાયરસે જનજીવનને બાનમાં લીધુ છે. જયારે બીજીતરફ નગરજનો ગરમીથી પણ બેહાલ છે. ગરમીએ સૌ કોઈને બેબાકળા કરી દીધા છે. લોકડાઉનના લીધે નગરજનો ઘરની બહાર પણ નિકળી શકતા નથી જયારે રાત્રિના સમયે પણ લઘુત્તમ તાપમાન પણ ઉંચકાયેલુ રહેતા ગરમીમાં મોડી રાત સુધી રાહત મળતી નથી.

આજે ગરમીનો પારો ૨ ડીગ્રી નીચે ઉતરતા દિવસ દરમિયાન નગરજનોએ ગરમીમાં અંશત : રાહત અનુભવી હતી. જો કે સતત તાપમાન ઉંચુ રહેવાના લીધે હીટવેવનો પ્રકોપ યથાવત રહ્યો હતો. ઢળથી સાંજ બાદ પણ ગરમીનુ જોર રહ્યુ હતુ. રાજયના અન્ય વિસ્તારમાં વાતાવરણ પલ્ટાની અસર પણ જોવા મળી રહી છે જયારે ગરમી અને કોરાનાની અસરથી જનજીવન સુન્ન પડી ગયુ છે. કોરોનાની મહામારી વચ્ચે આકાશમાંથી વરસતી અગ્નજવાળના લીધે જનજીવન પણ ત્રાહીમામ પોકારી ગયુ છે.

## મેડીકલ કોલેજની માઈક્રો બાયોલોજી યુનિટની ટીમ રોજ ૧૭-૧૮ કલાકની મહેનત કરે છે

**અત્યાર સુધીમાં ૩૨૦૦ થી વધુ અહિ કોરોનાના ટેસ્ટ કરાયા : એક રિપોર્ટ તૈયાર કરવામાં ૬ થી ૭ કલાકનો સમય જાય છે : એક સાથે ૩૦ થી ૫૦ ટેસ્ટ કરવામાં આવે છે : જેવી બેચ તે પ્રમાણે ટેસ્ટ થાય**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મેડીકલ કોલેજમાં માઈક્રો બાયોલોજીના તમામ કર્મયોગીઓ રોજની ૧૭-૧૮ કલાકની અથાગ મહેનત કરી અને કોરોના અંગેના ટેસ્ટની કામગીરી કરી રહ્યા છે.

૩૦ જેટલા કર્મયોગીઓ રાત-દિવસ જોયા વિના રોજના ૨૫૦ ટેસ્ટનું રિપોર્ટીંગ કરી રહ્યા છે. યુવાઓના તરવરાટ સાથેની આ ટીમનું સમગ્ર માર્ગદર્શન ડૉ. સીમાબેન ભટ્ટ અને ડૉ. ગૌરીશંકરભાઈ શ્રીમાળી કરી રહ્યા છે.

ડૉ. ગૌરીશંકરભાઈ તો જી.એમ.ઈ.આર.એસ.ની તમામ લેબનું કોર્ડીનેટ કરવાનું પણ કામ સંભાળવા ઉપરાંત અહિ ડિપાર્ટમેન્ટમાં સતત કામગીરી અને માર્ગદર્શન કરી રહ્યા છે. આ કોરોના વોરિયર્સમાં ઘણા બધાને નાના સંતાનો છે પણ ચેપ ના લાગે તેની સંપૂર્ણ કાળજી અહિ લેબોરેટરીમાં લેવામાં આવે છે.

એક ટેસ્ટ રિપોર્ટ તૈયાર કરવામાં ૬ થી ૭ કલાકનો સમય થતો હોય છે. તેમાં ટેસ્ટીંગ માટે સેમ્પલ મુકયા પછી તેમાં જે કાઉન્ટ અને પરિણામો કોમ્પ્યુટર પર આવે તે પછી તેનુ એનાલીસીસ કરી અને દર્દનો રિપોર્ટ પોઝીટીવ કે નેગેટીવ છે તે નિયત થતુ હોય છે.

માત્ર ૪ જ દિવસમાં સરકારની સૂચના પછી આઈ.સી.એમ.આર.ની મંજૂરી ગાંધીનગર મેડીકલ કોલેજના આ યુનિટની લેબોરેટરીને મળી હતી.

૨૪ એપ્રિલથી આજ દિન સુધી એક પણ કર્મચારીએ રજા નથી લીધી એટલુ જ નહિ ઘણીવાર તો તેમના ભોજનના સમયમાં વિલંબ પણ થઈ જતો હોય છે. એકાદ-બે દિવસ તો માત્ર નાસ્તાના આધારે જ દિવસ પસાર કરવો પડ્યો હોય તેવુ પણ બન્યુ છે.

આ આખુય યુનિટ એક ટીમ બની કામગીરી કરી રહેલ છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે.

અહિ ટેસ્ટ માટે ૩૦ થી ૫૦ નમૂનાની બેંચ બનતી હોય છે. તે સંખ્યા કીટ ઉપર આધારિત છે.

જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, ગાંધીનગર માઈક્રોબાયોલોજી વિભાગમાં તા. ૨૩-૫-૨૦૨૦ના રોજ આઈસીએમઆરની ગાઈડલાઈન મુજબ મંજુરી મળ્યા બાદ તા. ૨૪-૫-૨૦૨૦ થી કોવિડ-૧૯ના દર્દીના સેમ્પલનું ૧૫૦થી વધુ ટેસ્ટીંગ કરવામાં આવે છે. આ લેબના હેડ ડૉ. સીમાબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ કોવિડ-૧૯નું ટેસ્ટીંગ સવારે ૮ વાગ્યાથી શરૂ કરી રાત્રીના ૩ વાગ્યા સુધી ચાલુ

● અનુસંધાન પાન-૭ પર

















## લોકડાઉનમાં ૪૮ દિવસથી ઘરમાં પુરાયેલા નગરજનોને ભારે મુંઝવણ

**હવે લોકડાઉન ક્યાં સુધી હજુ કેટલો સમય ઘરમાં પુરાયેલા રહેવુ પડશે જેવા પ્રશ્નો નાગરિકોને મુંઝવી રહ્યા છે.: લોકડાઉનના લીધે આમ નાગરિકોની મનોદશા પર વિપરિત અસર**

ગાંધીનગર તા ૧૧

કોરાના વાયરસના સંક્રમણને અટકાવવા છેલ્લા ૪૮ દિવસથી સમગ્ર દેશમાં લોકડાઉન ચાલી રહ્યુ છે. કામ ધંધા ઠપ્પ છે. નાગરિકો ઘરમાં પુરાયેલા છે. બીજીતરફ ગરમીનો પારો પણ ઉપર છે. લાંબા દિવસોથી ઘરમાં કેદ થયેલા નાગરિકોની મનોદશા પર વિપરિત અસર થઈ રહી છે. બહાર નિકળે તો કોરોના સંક્રમણનો ખતરાનો ભય છે. જયારે હાલ લોકડાઉનમાં બધુ બંધ છે. જયારે ઘરમાં રહે તો બેચેની કોરી ખાય છે. વધતી ગરમી અને કોરોનાના કહેરના લીધે આમ નાગરિકોની ઘરમાં બેઠા મુશ્કેલી વધી રહી છે. દિવસના આકરા તાપ બાદ રાત્રિના સમયે ખુલ્લી હવા માંણવા માટે પણ નાગરિકો ઘરની બહાર નિકળી શકતા નથી. આવા સંજોગોમાં આગામી તા ૧૭ મેં સુધી લોકડાઉન જારી કરાયા બાદ નાગરિકોએ સદંતર ઘરમાં રહેવાનુ નક્કી કર્યુ છે. અલબત્ત કરિયાણા તેમજ શાકભાજીની દુકાનો પણ બંધ છે. જયારે આવા સંજોગોમાં મેં મહીનાના અંતે પણ લોકાડઉન

● અનુસંધાન પાન-૭ પર

## કોરોનાના કહેર વચ્ચે ૧ દિવસનું તાજુ જન્મેલ બાળક પણ વતન જવા રવાના થયુ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સહિત સમગ્ર રાજ્યમાં કોરોનાના કહેર વચ્ચે આજે એક દિવસ પહેલાં જ જન્મેલ નવજાત શિશુ સહિત જિલ્લાના ૧૨૦૦ થી વધુ શ્રમિક પરિવારો છત્તીસગઢના બિલાસપુર જવા રવાના કરવામાં આવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે ઈંટોના ભઠ્ઠાના આ શ્રમિક પરિવારો આજે સવારે ટ્રેક્ટર અને અન્ય જે વાહનો ઉપલબ્ધ થયા તેમાં ગાંધીનગર આવ્યા હતા.

આજે એક શ્રમજીવી પરિવારમાં એક દિવસનું તાજુ જન્મેલ શિશુ પણ તેના વતન જવા રવાના થયુ હતુ.

તંત્રની ટીમો દ્વારા ચકાસણી કરી અને આ પરિવારોને સાબરમતી રેલવે સ્ટેશને બસો દ્વારા મોકલવામાં આવ્યા હતા. આ શ્રમજીવી પરિવારો તેમના હાથ વગા સમાન અને ઘરવખરી સાથે રવાના થયા હતા.

## શહેરમાં કોરોનાની કકળાટ કથા

વૈશ્વિક મહામારી કોરોના વાયરસના વધતા સંક્રમણને પગલે ૪૭ દિવસના લોકડાઉનથી સર્જાતી કકળાટ કથાઓ આંખ ઉઘાડનારી બની જાય છે. 'ગાંધીનગર સમાચાર'ના કાને પડેલી કેટલીક કથાના અંશ પ્રસ્તુત છે.

- એક બાજુ કેન્દ્ર સરકાર ટ્રેનો શરૂ કરી રહી છે ત્યારે ઘ રોડ કે ચ રોડ ઉપર ઈવનીંગ વોક કરવા નીકળેલા અધિકારી સામે પોલીસ ફરીયાદ કરે છે.
- ૩૦-૩૦ દિવસથી એક પણ કેસ નહીં નોંધાયા છતાં સેક્ટર-૨૯નો કન્ટેઈમેન્ટ ઝોન યથાવત રહેતા વસાહતીઓની અકળામણ વધતી જાય છે.
- કડક લોકડાઉનના અમલને પગલે અમુલ પાર્લર ઉપર દૂધ વેચી શકાય પણ બાળકો માટે બિસ્કીટ માગે તો ગ્રાહકને ના પાડતા નહિ અચકાતા દુકાનદાર સામે ગુસ્સો ઉપજે છે.
- શહેરના ઈતિહાસમાં પહેલી વખત સતત નવ-નવ દિવસ સુધી બેંકો બંધ રાખવાના નિર્ણય સામે પણ ચણભણાટ વધતો જાય છે.
- રાજ્ય સરકારના આરોગ્યતંત્ર દ્વારા સાંજે ૭.૩૦ વાગે રજેરજની માહિતી મીડિયાને અપાય છે પરંતુ જિલ્લા વહિવટીતંત્ર અને મનપા દ્વારા રાત્રે આઠ-આઠ વાગ્યા સુધી માહિતી આપવામાં થતા વિલંબ સામે મીડીયાકર્મીઓમાં ભારે નારાજગી છે.
- લોકડાઉનના અમલમાં વ્યસ્ત પોલીસના કારણે શહેરમાં આજકાલ નાની-નાની ઘરવખરીની ચોરીની ઘટનાઓ વધતા ગૃહિણીઓની નારાજગી વધતી જાય છે.
- સંપૂર્ણ લોકડાઉનમાં ધાબે કે આંગણામાં બેસવા સામે પોલીસની વધતી ધાકને પગલે નાગરિકોમાં વધતી નારાજગી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com